# રોજ આપણા હાથમાંથી જીવન છટકી જાય છે

શિક્ષણ દ્વારા અજ્ઞાન દૂર થાય, પરંતુ મૂર્ખતા દૂર નથી થતી. જીવનનું એક વિચિત્ર સત્ય એ છે કે મૂર્ખતા કદી પીડાદાયક નથી હોતી. માણસને પોતાની મૂર્ખતા અત્યંત વહાલી હોય છે તેનું રહસ્ય એ જ કે મૂર્ખતા રાહત પણ આપે છે, જે નશો અને જ્ઞાન દ્વારા મળનારી પીડાથી બચાવી લે છે. સેમ્યુઅલ બેકેટના વિખ્યાત નાટક ‘વેઈટિંગ ફૉર ગોદો’માં સાંભળવા મળતું એક વિધાન છેઃ

‘દુનિયામાં આંસુ કદી ખૂટતાં નથી.
એ નિરંતર વહે છે.
ક્યાંક કોઈ રડવાનું બંધ કરે,
ત્યાં તો બીજે કશેક રડવાનું શરૂ થાય છે.’

મૂર્ખતા પણ સુખદાયિની છે ! જીવન તળાવ જેવું અપ્રવાહી કે ‘સ્થાનકવાસી’ નથી હોતું. એ તો પ્રતિક્ષણ ગતિશીલ હોય છે. ગતિ એ જ તો પરિવર્તનનું ચારિત્ર્ય છે ! વહેવું અને સતત વહેવું એ નદીનું શીલ છે. જે ધ્યેય હોય તે સ્થિર હોય તો જ ત્યાં સુધી પહોંચીને પામી શકાય. આપણા ઘણાખરા ઉપદ્રવો કાયમીપણાની ભ્રમણાનાં ફરજંદો છે. સાગર ‘અચલપ્રતિષ્ઠ’ છે તેથી તો નદી સાગર ભણી વહી શકે છે. સાગર જ નદીનું ગંતવ્ય છે. જીવનને અસ્ખલિત પ્રવાહ સ્વરૂપે જોવામાં બધા અધ્યાત્મનો સાર આવી જાય છે. એક જ બાબત કાયમી છે અને તે છે કાયમીપણાનો અભાવ ! આવી સમજણ આપણને હળવા બનવાની છૂટ આપે છે. જે હળવો નથી તે સાધુ નથી. જેનું સ્મિત કરમાઈ જાય તેની સાધુતા કરમાઈ જાય છે. વર્ષો પહેલાં વિનોબાએ કોઈ સ્વાર્થી માણસને સંભળાવેલું : ‘ફાયદે સે ક્યા ફાયદા ?’ જે મનુષ્ય ભારેખમ જણાય તેને ચિંતક કહેવાની ભૂલ ન કરશો. અધ્યાત્મને ઘુવડગંભીરતા સાથે કોઈ લેવાદેવા નથી. સતત યાદ રાખવાનું છે કે આપણને ગીતાનો ઉપદેશ એક એવા યોગેશ્વરે આપ્યો છે, જેમણે રાસલીલા પણ કરી હતી અને માખણચોરી પણ કરી હતી. કૃષ્ણના સ્મિતનો જાદુ આજે પણ ઓસર્યો નથી. આજની નવી પેઢીનો ભગવાન પણ નૃત્યપ્રિય, સ્મિતપ્રિય અને આનંદપ્રિય હોવાનો. જેનું મોં ગંભીરતાને કારણે થોડુંક બેડોળ બની ગયું હોય એવા ચિંતકથી દસ કિલોમીટર છેટા રહેવામાં જ લાભ છે.

આપણો સમાજ બહુમતી નામના બુલડોઝરનો ગુલામ છે. ઘણાખરા લોકો જે માને તેને સાચું માનવામાં સલામતી રહેલી છે. આવી ગુલામીને કારણે જ સદીઓ સુધી સતીપ્રથા ચાલુ રહી શકી. આટલી ક્રૂર પરંપરાને ધર્મની ઓથ સાંપડી તેથી ધર્મ શબ્દ ઝંખવાણો પડ્યો. એ જ પ્રમાણે અસ્પૃશ્યતા જેવી અમાનવીય પ્રથાને પણ ધર્મની ઓથ સાંપડી. સાને ગુરુજી જેવા સાધુપુરુષે પ્રશ્ન કર્યો, ‘અદ્વૈત અને અસ્પૃશ્યતા વચ્ચે મેળ બેસે ખરો ?’ સતીપ્રથા સામે બુલંદ અવાજ ઉઠાવનાર રાજા રામમોહન રોયની ભાભીને બળજબરીથી સતી થવાની ફરજ પડી ત્યારે રાજા રામમોહન રોયની ચેતના જાગી ઊઠી. બહુમતી એટલે શું ? જવાબ છે : હિંમતવાળો એક માણસ એટલે બહુમતી. નોઆખલીમાં ગાંધીજી એકલા ગયા તોય બહુમતીમાં જ હતા. માણસ ભલે એકલો હોય, પરંતુ સત્ય જ્યારે બાજુમાં ઊભેલું હોય ત્યારે સંખ્યા ગૌણ બની જાય છે. એકલા જણાતા માણસ પાસે ઊભેલું હોય ત્યારે સ્થૂળ આંખે દેખાતું નથી. કોઈ પણ જાતના સ્વાર્થ વિના પોતાને જડેલા સત્યનો ઉપાડો લેતી વખતે માણસ એકલો હોય છે એવો ભ્રમ ખંખેરી કાઢવા જેવો છે. એ માણસની પાસે ઊભેલા સત્યદેવતા અન્યની નજરે ન પડે તેથી શું ? ઐતરેય ઉપનિષદમાં દેવોને ‘પરોક્ષપ્રિયાઃ’ કહ્યા છે. સત્યના દેવતાને પણ અપ્રત્યક્ષ રહીને પોતાનું કર્તવ્ય બજાવવાનું ગમે છે.

રોજ આપણા હાથમાંથી જીવન નામની જણસ છટકી જાય છે. દમયંતીના હાથમાંથી ચાલી જતી માછલીની માફક રોજ આપણી ભીતર પડેલી શક્યતાઓ આપણને છોડીને અદશ્ય થાય છે. જ્યારે જ્યારે સત્યનો પક્ષ લેવા માટે બે શબ્દો બોલવાનો મોકો મળ્યો ત્યારે આપણે મૂંગા મર્યા ! જ્યાં એક હકીકત પ્રગટ કરવાથી કોઈ એકલા પડી ગયેલા સાચા માણસને ટેકો કરવાની તક હતી ત્યારે આપણે આપણા કપટયુક્ત મૌન દ્વારા કોઈક બદમાશને મદદ પહોંચાડી ! આપણે આપણી મુસ્તદીગીરીને અકબંધ રાખી અને ગોટાળામય વાક્યો બોલીને અસત્યને રમતું મેલ્યું ! આવું કરતી વખતે આપણે આપણા માંહ્યલાની હત્યા કરતા રહ્યા અને રૂપાળા દેખાવાની મજા માણતા રહ્યા ! તમે આવા રૂપાળા માણસને મળ્યા છો ? એ માણસ અંદરથી મરી ચૂક્યો હોય છે. એ માણસ ક્યારેક તમારી પ્રશંસા કરે તોય હરખાશો નહીં. જો તમે એની જૂઠી પ્રશંસાથી હરખાઈ જશો, તો તમારે એની જૂઠી નિંદાથી દુઃખી થવું જ પડશે. આવો કોઈ બનાવટી બદમાશ તમારા નજીક આવી પહોંચે, તો મોં પર રૂમાલ દબાવીને દૂર ચાલી જજો. આગળ જોયું તેમ તુલસીદાસની શિખામણ સતત યાદ રાખવા જેવી છે. ‘અસંતથી દૂર ભાગો.’ કોઈ ‘અસંત’ ઘરે મળવા આવે ત્યારે શું કરવું ? એ જેટલો વખત બેસે તેટલો વખત પૂરી જાગૃતિ સાથે એની વાતો સાંભળી લેવી અને એ જાય કે તરત બાથરૂમમાં ચાલી જવું. બાથરૂમ સ્વચ્છતાદેવીનું મંદિર છે.

એક બાબત સમજી લેવા જેવી છે. તમે જો થોડાક સાચાબોલા હો અને વળી આત્મવિશ્વાસથી ભરેલા હો, તો આસપાસના ઘણા લોકોને તમે દુઃખી કરતા હો છો. સમાજના ઘણાખરા લોકોમાં આત્મવિશ્વાસ અને આત્મગૌરવનો અભાવ હોય છે. સરેરાશપણું તેમનું રક્ષાકવચ બની જાય છે. સરેરાશ સામાન્યતા એમને નિંદાકૂથલી અને ઈર્ષ્યાનાં આક્રમણોથી બચાવી લે છે. એવી સરેરાશમૂલક સલામતી એમને જબરી નિરાંત આપે છે. નિરાંતનો પણ એક નશો હોય છે. આપણા સમાજમાં જે ઘણાખરા લોકોને માન્ય હોય, તેવી જીવનશૈલી રાખવામાં નિરાંત રહે છે. અમારા ગામના ફળિયામાં અડધી સદી પહેલાં એક સુંદર સ્ત્રી રહેતી હતી. એ ઘરમાં બેસીને હાર્મોનિયમ વગાડતી. એ બિચારી હાર્મોનિયમ વગાડતી ત્યારે ફળિયાની સ્ત્રીઓ નિંદાકૂથલીનાં ઢોલકાં વગાડતી ! જરાક જુદી રીતે જીવનાર મનુષ્યને શત્રુઓ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન નથી કરવો પડતો.

જે વ્યક્તિ તોતડી હોય તેને જ સમજાય છે કે આત્મવિશ્વાસ જાળવી રાખવાનું કામ કેટલું મુશ્કેલ છે. લોકો એની મશ્કરી ઉડાવે છે. કેટલાક લોકો પ્રશ્નો પૂછીને એની પાસે અઘરા શબ્દો બોલાવડાવે છે, જેથી તોતડું બોલનાર અપમાનિત થાય. સમાજ સતત કોઈનો આત્મવિશ્વાસ ખતમ થાય તેની પેરવી કરતો રહે છે. માનશો ? સ્વરાજ મળ્યું પછીના દાયકામાં લોકશાહી ઢબે ચૂંટાયેલી પ્રથમ સામ્યવાદી સરકારના મુખ્યપ્રધાન (કેરાલાના) ઈ.એમ.એસ. નમ્બૂદ્રિપાદ તોતડા હતા. તેમને કોઈએ પૂછ્યું, ‘શું તમે કાયમ તોતડાવ છો ?’ જવાબમાં એ નેતાએ આત્મવિશ્વાસ સાથે કહ્યું, ‘ના, ફક્ત બોલું ત્યારે જ !’ જીવનના એક તબક્કે અભિનેતા હૃતિક રોશન તોતડો હતો. ક્રિકેટર વેંગસરકર પણ નાનપણમાં તોતડું બોલનારા હતા. એવું જ પોતાના ખાસ અવાજ માટે વખણાતા અભિનેતા રઝા મુરાદ માટે પણ કહી શકાય. આત્મવિશ્વાસ વિનાનું જીવન એ પાર્ટટાઈમ મૃત્યુ છે. આત્મગૌરવ વિનાનું જીવન એ ફુલટાઈમ મૃત્યુ છે. આત્મવિશ્વાસના પાયામાં સત્ય રહેલું હોય, તો એક એવી શક્તિનું નિર્માણ થાય છે, જે ગાંધીજી પાસે હતી. પૃથ્વી પર ક્યારેક આટલી દુર્બળ કાયામાં આટલો પ્રબળ આત્મવિશ્વાસ વસ્યો હશે ખરો ? સાચા ગુત્રીએ ક્યાંક એક મૌલિક વાત કરી છે. એમાં માણસના દંભ પર જે કટાક્ષ થયો છે તે આપણને સૌને ચચરે તેવો છે. કહે છે :

તમે ગંભીર હોવાનો ડોળ કરી શકો છો,
પરંતુ તમે
હસમુખા હોવાનો ડોળ કરી શકતા નથી.

- ગુણવંત શાહ

# હું શિક્ષક છું, કારણ કે મને માણસ ગમે છે..

આજે શિક્ષક થવા ઈચ્છનારને હું પૂછું કે : તમને માણસ ગમે છે ? અણગમો થાય તેવો માણસ ગમે છે ? અળવીતરો માણસ ગમે છે ? પ્રયાસ કરતો માણસ ગમે છે ? નિષ્ફળ જતો માણસ ગમે છે ? હારીથકી જતો માણસ ગમે છે ?... આ બધા જ પ્રશ્નોનો સદાય માટેનો જવાબ હા હોય તેને શિક્ષક થવાની છૂટ છે, પછી તે ટ્રેઈન્ડ હોય કે ન હોય ! ચૌદ વર્ષની ઉંમરે પિતાજીને ગુમાવનાર અને ઘાણીમાં બળદની મદદથી તેલ કાઢવા માટે પીલવાનું કામ કરનાર માતાની પરવરિશમાં મોટા થયેલા દાઉદભાઈ અહમદભાઈ ઘાંચીના હૈયામાં તો શિક્ષકની આવી પારાશીશી છે !!

કે.જી. થી લઈને પી.જી. સુધી ભારતમાં, અમેરિકામાં અને ઈંગ્લેન્ડમાં શિક્ષણનો મહાસાગર ખેડનાર દાઉદભાઈ ઘાચી. ગુજરાતની છેલ્લી ત્રણેક પેઢી તો ઘાંચીસાહેબનું અંગ્રેજી ગ્રામર ભણીને મોટી થઈ છે, હા તે જ ઘાંચીસાહેબ કે દાઉદભાઈ સાહેબ વાત માંડે ત્યારે શેર-શાયરી, શ્લોકો, અંગ્રેજી અવતરણો, ઉર્દૂ ગઝલો અસ્ખલિત ટાંકે. ઈકબાલ, કબીર, મરિઝ, કાલિદાસ, ઉમાશંકર કોણ ન આવે એમની સ્મૃતિમાં ? આજે સત્યાસી વર્ષે પણ પણ બે કલાક ઉત્સાહથી છલકતા ગોષ્ઠિ કરનાર દાઉદભાઈ ઘાંચી ગાયકવાડી ગામ કલોલના વતની. ગામમાં સરકારી શાળા ખરી પણ ઉર્દૂ શાળા નહીં. રાજનો આદેશ કે શિક્ષણ તો માતૃભાષામાં જ ફરજિયાત. પિતા અહમદભાઈ અને કાકા અલીભાઈ બંને વેપારી, ઘાંચી એટલે તેલની ઘાણી, દૂધ વેચનાર પણ ખરા. બંને ભાઈઓએ પોતાના ઘરમાં પહેલા માળે ઉર્દૂ શાળા શરૂ કરી. આવા વાતાવરણમાં દાઉદભાઈ ઊછર્યા એટલે શિક્ષણ તો ધીમે ધીમે રગેરગમાં ઊતરતું ગયું. દાઉદભાઈ તેથી તો કહે છે : “અમે શાળામાં ન ગયા. શાળા અમારા ઘરે આવી. શાળા અમારી મહેમાન બની. શિક્ષકત્વની દીક્ષાનું પ્રથમ સોપાન એટલે મારી શાળા. બે વર્ષ પછી ગામની મસ્જિદના મકાનમાં શાળ ફેરવીને બંને ભાઈઓએ રાજીનામાં આપ્યાં. એ શાળામાં ચાર વર્ષ ભણ્યો. નો યુનિફોર્મ, નો શૂઝ, નો ટાઈ. ખભ્ભે થેલકો તેમાં બે ચોપડી ને પાટી પેન. શારીરિક શિક્ષા નહીં, પણ સજા ખરી. શિક્ષકો પ્રેમાળ, નિકટવર્તી, પેશનેટ. શિક્ષકની મહોબ્બત એ મોટી પદ્ધતિ. શિક્ષકના વ્યવહારમાં-વર્તનમાં-વાણીમાં હૃદય પહેલાં, બુદ્ધિ પછી. આજનો શિક્ષક રોલ પ્લે વિશે વાત કરી શકે પણ હી કાન્ટ પ્લે ધ રોલ ! અમારા શિક્ષકો તો ગાતા જાય, અભિનય કરતા જાય.... અમારા શ્વાસેશ્વાસમાં કાવ્ય ઊતરતું જાય.”

‘હસતે મુખે રસ્તામાં વેર્યા ફૂલ નસીબે ગુલાબ કેરાં
નીચાં વળી વીણીશું ક્યારે ? આજ આજ ભાઈ અત્યારે...’ અમેય સાથોસાથ. લલકારતા જઈએ, નાચતા જઈએ. બસ આ થયું શિક્ષણ !

દાઉદભાઈનો ઘાંચી સમાજ એટલે તેની માતૃભાષા ગુજરાતી, ઉર્દૂ નહીં, પરંતુ આ વાતનું સોગંદનામું રાજમાં રજૂ કર્યું ત્યારે તેને ગુજરાતી માધ્યમની શાળામાં ભણવાની પરવાનગી મળી. પાટીપેનનું ભણતર એટલું જ અનૌપચારિક હતું. રસ્તે ચાલતાં વચ્ચે આવતા ઓટલાની ખરબચડી સપાટી પર પાટીની પેન ઘસી ઘસીને અણી કાઢવાની ને પછી તેનાથી સરસ અક્ષર કાઢવાના ! ‘ક્યા દિન થે વો અમન કે, મસ્તી કે ! શાળાના ઓરડામાં રિસેસમાં પકડદાવ રમતા શુકલસાહેબે ઝડપ્યો. લઈ ગયા પોતાની ઓફીસમાં અને પોતાની ખુરશી પાસે અંગૂઠા પકડાવી વાંકો ઊભો રાખ્યો. શુકલસાહેબ પાછા ખેડૂત. ખાતાંના કોઈ અધિકારી ઘરે આવ્યા તે મને વાંકો મૂકીને ગયા ત્યાં. દોઢ કલાકે આવ્યા ત્યારે હું તો અંગૂઠા પકડીને ઊભો હતો ! તેમના મોઢામાંથી હાયકારો નીકળી ગયો, પણ હું તો શિસ્તબદ્ધ. શુકલસાહેબને પસ્તાવો થયો એટલું જ નહીં એમણે દિલગીરી વ્યક્ત કરીને ત્યારથી સજા ન કરવાની પ્રતિજ્ઞા લીધી !’ વિદ્યાર્થી દાઉદભાઈએ શુકલસાહેબની સજા કરવાની ટેવ છોડાવી તો એક પી.સી. પટેલ નામના વિદ્યાર્થીએ શિક્ષક દાઉદભાઈને પણ વધુ પડતું હોમવર્ક આપવાની આદત છોડાવેલી. વિદ્યાર્થીને સંસ્કૃતનું કોઈ રૂપ ન ફાવ્યું. દાઉદભાઈસાહેબે પચાસ વાર લખી લાવવા કહ્યું. બીજે દિવસે એ કામ ન થયું એટલે ઘરકામ બમણું કરી સો વાર લખવા હુકમ કર્યો. ફરી પેલો પી.સી. પટેલ તો અધૂરું લઈ સામે આવ્યો. એટલે દાઉદભાઈએ કહ્યું : હવે પાંચસો વાર લખી લાવવાનું. તરત પેલો બોલ્યો : સાબેબ, હવે મને એ રૂપ બરાબર આવડી ગયું છે. આપ મારી કસોટી લો. આવડી ગયું હોય તો માફ કરો, નહીં તો પાંચસો વાર જરૂરી લખી લાવીશ... દાઉદભાઈ ઘાંચી સ્વાનુભવે મંત્ર આપે છેઃ આપણો વિદ્યાર્થી પણ આપણો ગુરુ હોઈ શકે ! દાઉદભાઈ ઘાંચી પોતાના સમાજમાં પહેલા મેટ્રિક અને પહેલા ગ્રેજ્યુએટ પણ. આપણે ભલે ઘાંચીસાહેબને અંગ્રેજીને લઈને વખાણીએ, પણ તેઓ બી.એ. વિથ ઈકોનોમિક્સ. ગુજરાત કોલેજમાં ભટ્ટસાહેબ પાસે શાકુંતલ શીખ્યા. સંસ્કૃત અંગ્રેજીમાં ભણ્યા. પ્રોફેસર ટી.એન. દવે દોઢસોના ક્લાસમાં સંસ્કૃત ભણવતા જાય અને શકુંતલાની વિદાય ઉપર રડતા જાય. અર્થશાસ્ત્ર મુખ્ય, ઈતિહાસ ગૌણ, ઈન્ટર સુધી સંસ્કૃત, પણ માસ્ટર્સ કર્યું અંગ્રેજીમાં અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ‘ટીચર કેન્ડિડેટ’ તરીકે. ત્યારે છૂટ હતી. તમે શિક્ષક હો તો ગ્રેજ્યુએટ ન હો એવા વિષયમાં માસ્ટર્સ કરી શકો, ટીચર કેન્ડીડેટ તરીકે. ૧૯૪૯માં મેટ્રિક થયેલા દાઉદભાઈ ૧૯૫૦માં તો શિક્ષક થઈ ગયા. પછીથી ત્રણેક વર્ષ બાદ એ.જી. ટીચર્સ કોલેજમાંથી બી.એડ્ થયા. પ્રખર કેળવણીકાર પ્રિ. આર.એસ. ત્રિવેદીસાહેબે કહ્યું કે તમે બી.એ. વિથ ઈંગ્લિશ નથી એટલે બી.એડ્.માં મેથડ તરીકે અંગ્રેજી ન રાખી શકો, પણ પછી એક તક આપવામાં આવી. દીવાન બલ્લુભાઈ શાળામાં દાઉદભાઈ અંગ્રેજીનો પાઠ આપે અને પ્રિ. એલ.આર. દેસાઈ તેનું નિરીક્ષણ કરે ! એક જ પાઠ પછી દેસાઈસાહેબે કહ્યું : ‘નાઉ નો મોર લેશન્સ આર રિકવાયર્ડ. યુ કેન ગેટ ઈંગ્લિશ મેથડ.’

... પછી તો આર.એસ. ત્રિવેદીસાહેબે પ્રકાશ બી.એડ. કોલેજ શરૂ કરી અને તેમાં દાઉદભાઈને અંગ્રેજી મેથડ માટે આમંત્રણ આપી બોલાવ્યા. ત્યાંથી સરદાર પટેલ યુનિવર્સિટીની એજ્યુકેશન કોલેજમાં ‘ટ્યૂટર’નો ઈન્ટરવ્યૂ આપ્યો. ધુરંધર રાજનીતિજ્ઞ એચ.એમ. પટેલે ઈન્ટરવ્યૂથી પ્રભાવિત થઈ કહ્યું, ‘અમે ભલે તમારો ઈન્ટર્વ્યુ ‘ટ્યૂટર’ તરીકે લીધો પણ, અમે તમને લેક્ચરરની પોસ્ટ ઓફર કરીએ છીએ. ત્યાં બી.એડ.માં અધ્યાપક તરીકે ભણાવ્યું અને ત્યાં જ એમ.એડ. પણ સાથોસાથ કર્યું ! અમેરિકાની યુનિવર્સિટીના વરિષ્ઠ પ્રાધ્યાપક ત્યારે વલ્લભવિદ્યાનગર આવેલા. તેઓ દાઉદભાઈના જ્ઞાનથી પ્રભાવિત થયા અને તેમણે યુસેફીની ફુલબ્રાઈટ ફેલોશિપ ઓફર કરી તેમને અમેરિકા ખાતે બોલાવ્યા. સિયાટેલમાં એ સમયે દાઉદભાઈ એકમાત્ર ભારતીય હતા. ખૂબી તો એ છે કે અહીં અધ્યાપક તરીકે ભણાવનાર દાઉદભાઈએ અમેરિકામાં સ્કૂલમાં ભણાવ્યું, કારણ તેઓ માને છે કે, ‘શિક્ષક એટલે શિક્ષક. બધા માટેનો શિક્ષક. શિક્ષકને વર્ગના વિષયના બંધનોથી બાંધી ન શકાય. શિક્ષક ખાનાબદ્ધ ન હોઈ શકે. ટીચરશિપ ઈટ સેલ્ફ ઈઝ એ ગ્રેસ.’

ગુજરાત યુનિવર્સિટીની અમદાવાદ બહારની રૂરલ એરિયાની પહેલી બી.એડ. કોલેજ મોડાસા ખાતે શરૂ થતી હતી અને તેના સુકાની તરીકે મોડાસાની શિક્ષણતીર્થ ભૂમિના સ્વપ્નદ્રષ્ટા ડૉ. ધીરૂભાઈ ઠાકરે ત્યાં દાઉદભાઈને નોતર્યા. ગુજરાતની બેનમૂન ટીચર્સ ટ્રેનિંગમાં પ્રાચાર્ય તરીકે ઓગણસી વર્ષ દાઉદભાઈ રહ્યા. અનેક નવોન્મેષના શિક્ષણ પ્રયોગો કર્યા. તાલીમાર્થી દૂર ગામડામાં જાય અને ત્યાંના અનુભવી શિક્ષકો પાસેથી જીવનપાઠ શીખે તો વળી ત્યાંના વિદ્યાર્થીઓને કાઉન્સેલિંગની સેવા પણ આપે. ઓલ્ડ સ્ટુડન્ટ એસોસિયેશન, સેન્ટર ફોર ટીચર એજ્યુકેશન, સ્કૂલ સર્વિસીસ પ્રોગ્રામ, નિયમિત પૂરક શૈક્ષણિક પ્રકાશનો... વગેરે દ્વારા સાબિત કર્યું કે બી.એડ્. મોડલ કેવું હોય ? ૧૯૮૬-૮૭માં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી શરૂ થઈ ત્યારે દાઉદભાઈ ઘાંચીને પ્રથમ કુલનાયક તરીકે આમંત્રણ અપાયું. મોડાસા આજે પણ ધીરુભાઈ ઠાકર અને દાઉદભાઈની જોડીને ભાવથી યાદ કરે છે, તો પાટણ કુલીનચંદ્ર યાજ્ઞિક (કુલપતિ) અને દાઉદભાઈ (કુલનાયક)ની યુગલ તજજ્ઞતાને ભૂલવા તૈયાર નથી. નેતૃત્વએ વિશ્વાસ કેમ ઊભો કરેલો ? જવાબઃ જે કોલેજ જવાબદારી લેશે કે અમારે ત્યાં પરીક્ષાની ગેરરીતિ નહીં થાય ત્યાં ચેકિંગ સ્કવોડ નહીં જાય...! દાઉદભાઈ કહે છે : જ્યાં વિશ્વાસ ત્યાં મેરા જહાં સદાબહાર !

મારી શિક્ષણની ખોજ ચાલુ જ છે, તેમ કબૂલનાર દાઉદભાઈ દર વર્ષે શેક્સપિયરના ઘરે જઈ ત્યાંના માહોલમાં પ્રાર્થનામય ચિત્તે અવશ્ય આદરાંજલિ અર્પણ કરે છે ! એ બહાને તેમના મતે તેઓ ખુદા પાસે ખુદાઈ માગે છે.

- ભદ્રાયુ વછરાજાની


# ખેડબ્રહ્માની જનતાને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

સંકલન : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા (મો. ૯૭૨૫૮ ૧૭૪૬૦)

**આદર્શ નિવાસી શાળા (કન્યા)**
આચાર્ય : ડી.કે. પ્રજાપતિ
અને સ્ટાફ મિત્રો, ખેડબ્રહ્મા

**કુમાર છાત્રાલય**
જીતુભાઈ પ્રજાપતિ
અને સ્ટાફ મિત્રો, ખેડબ્રહ્મા

**શ્રી કૃષ્ણ દાલબાટી**
મુકેશકુમાર શીવશંકર પડીત
લક્ષ્મીપુરા ચાર રસ્તા, ખેડબ્રહ્મા

**ભોજાભાઈ હુજાભાઈ મકવાણા**

**માળી ગવરાજી જંપાજી**
ખેડબ્રહ્મા

**માળી મુકેશકુમાર સોનાજી**
ખેડબ્રહ્મા

**રમેશભાઈ બી. પરમાર**
ખેડબ્રહ્મા તાલુકા પંચાયત સદસ્ય, ગણેર

**ખેડબ્રહ્મા નગરપાલિકા**
આથી ખેડબ્રહ્મા નગરપાલિકાની જાહેર જનતાને નવા વર્ષના નૂતન વર્ષના અભિનંદન અને આ નવા વર્ષમાં સૌ સાથે મળી સંકલ્પ લઈએ કે,
(૧) પાણીનો બગાડ કરીશું નહી
(૨) ઘરવેરો સમયે ભરીશું
(૩) કચરો ગમે ત્યાં ફેંકી ગંદકી ફેલાવીશું નહીં
પ્રમુખશ્રી ઉપપ્રમુખશ્રી
કારોબારી ચેરમેનશ્રી ચીફ ઓફીસર
તથા તમામ સદસ્યશ્રીઓ
તેમજ કર્મચારીગણ

**એસ.સી. સુથાર**
પરિક્ષેત્ર વન અધિકારી
વિસ્તરણ રેન્જ, ખેડબ્રહ્મા

**ભીખાભાઈ કે. પ્રજાપતિ**
પરિવાર, ખેડબ્રહ્મા

**આશાપુરા કન્સ્ટ્રકશન**
ગવર્નમેન્ટ કોન્ટ્રાકટર
વૃંદાવન માર્કેટ, ખેડબ્રહ્મા

**લક્ષ્મી ફર્નિચર સ્ટોર્સ**
લક્ષ્મી મસાલાની સામે,
શિતલ ચોક પાસે, ખેડબ્રહ્મા

રામલાલ ચૌધરી
**ૐ જોધપુર દાલબાટી**
દાલબાટી, ચુરમા સ્પેશ્યાલીસ્ટ
પોલીસ સ્ટેશન સામે, ખેડબ્રહ્મા

**ધી દામાવાસ ગૃપ ગ્રામ પંચાયત**
વણઝારા નવલીબેન ટી., ડે. સરપંચ
તથા સદસ્યશ્રીઓ
તલાટી કમ મંત્રી એમ.એ. પંચાલ

**સહારા પ્રણામ**
પુરણમલ જે. દરજી
(ચીફ ફિલ્ડ મેનેજર)
બીજો માળ અંબિકા કોમ્પ્લેક્ષ
પેટ્રોલ પંપ, ખેડબ્રહ્મા
૯૮૯૮૨૦૦૮૩૭

**માનવ કલ્યાણ ટ્રસ્ટ**
ભકિતનગર, ખેડબ્રહ્મા

**શાલેમ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ એન્ડ હોસ્ટેલ, ખેડબ્રહ્મા**

**માળી ગજાજી ભીમાજી**
ખેડબ્રહ્મા

**ધી રાજસ્થાન નાગરીક સહકારી શરાફી મંડળી, ખેડબ્રહ્મા**

**પ્રાંત કચેરી, ખેડબ્રહ્મા**

**રાધે મંડપ ડેકોરેટર્સ**
દિલિપ પટેલ
સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા

**એચ. એસ. ગઢવી**
તાલુકા હેલ્થ ઓફીસર, ખેડબ્રહ્મા

શુભેચ્છક
**પંડીત દિનદયાલ ગ્રાહક ભંડાર**
તા. ખેડબ્રહ્મા

**ક્રિષ્ણા મંડપ ડેકોરેટર્સ**
પી.ડી. પટેલ
સરદાર પટેલ રોડ, ખેડબ્રહ્મા

**રાજેન્દ્રસિંહ જુજારસિંહ ચૌહાણ**
એડવોકેટ એન્ડ નોટરી
પ્રમુખ - બાર એસો. ખેડબ્રહ્મા
ડીરેક્ટર - એ.પી.એમ.સી. ખેડબ્રહ્મા

**આશાપુરા ઈમીટેશન**
ડૉ. દવેની બાજુમાં, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા

**સ.કુ.છા. તથા ડ્રાય હોસ્ટેલ**
વોર્ડન તથા સ્ટાફ પરિવાર, ખેડબ્રહ્મા

**વનબંધુ કૃષિ પોલિટેકનિક**
સ.દા.કૃ. યુનિવર્સિટી, ખેડબ્રહ્મા
આચાર્ય - જે.એન. પ્રજાપતિ
તથા તમામ સ્ટાફ મિત્રો, ખેડબ્રહ્મા

**મહાદેવ કન્સ્ટ્રકશન**
વાસણ રોડ, ખેડબ્રહ્મા

**અંબિકા ભજીયા હાઉસ**
અરવિંદભાઈ આર. ઠક્કર
સરદાર ચોક, ખેડબ્રહ્મા

**ધી વાસણા દૂધ ઉત્પાદક**
સેવા સ.મંડળી લી. વાસણા
તા. ખેડબ્રહ્મા

**ધી ખેડબ્રહ્મા તા.પ્રા. ટીચર્સ કો.ઓ. ક્રેડીટ સોસાયટી લી. ખેડબ્રહ્મા**
શ્રી મણીલાલ એલ. પરમાર - ચેરમેન
શ્રી કીરીટકુમાર એસ. પાંડવ - વા. ચેરમેન
શ્રી નાનજીભાઈ વી. પરમાર
શ્રી માધવીબેન આર. જોષી
શ્રી સૂરજભાઈ પી. વણજારા
શ્રી રાજેન્દ્રકુમાર આર. પરમાર
શ્રી રમેશભાઈ એલ. પારઘી
શ્રી પોપટભાઈ કે. વણકર
શ્રી હરપાલસિંહ કે. રાઠોડ
શ્રી શૈલેષકુમાર બી. દરજી
શ્રી હરેશકુમાર એ. પરમાર
શ્રી કાન્તુભાઈ પી.ડાભી
શ્રી અલ્પેશકુમાર ડી. પટેલ
આર.જી. પંડયા - સેક્રેટરી
ડી.એસ. પરમાર - સહમંત્રી
ડી.ડી. પટેલ - સહમંત્રી